**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**શુક્રવાર, તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક મળી)

માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે બપોરના ૧૨.૨૨ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ સભ્યશ્રી કુબેરભાઇ ડિંડોરના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

૩. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯નાં વિધેયક ક્રમાંક–૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ અને ૩૭ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૪. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૫. **માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦)**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of clause (d) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution (One Hundred and Twenty - Sixth Amendment) Bill, 2019, as passed by both the Houses of Parliament."

ગુજરાતી અનુવાદ

''આ ગૃહ, સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો છવ્વીસમા સુધારા) વિધેયક, ૨૦૧૯થી, ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ ના ખંડ (૨)ના પરંતુકના ખંડ (ઘ)ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી અમિત ચાવડા | (૫)ડો. અનિલ જોષીયારા |
| (૨)શ્રી ગણપતસિંહ વસાવા(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) | (૬) શ્રી પી.ડી.વસાવા |
| (૩) શ્રી શૈલેષ પરમાર | (૭) શ્રી હિતુ કનોડીયા |
| (૪) શ્રી ઇશ્વરભાઇ પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) | (૮) શ્રી મહેશ વસાવા |

ત્યારબાદ વૈધાનિક પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૭. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ**

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પ્રસ્તાવ**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કેન્દ્ર સરકાર દ્વારા ધી સીટીઝનશીપ એક્ટ, ૧૯૫૫માં સુધારો કરી ડિસેમ્બર–૨૦૧૪ સુધીમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ તથા અફઘાનિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલા હિંદુ, શીખ, જૈન, પારસી, બૌદ્ધ તથા ઇસાઇ સમુદાયના લોકોને નાગરિકતા આપવા બાબતના કાયદાના સમર્થન માટેનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી)

(૨) શ્રી પૂર્ણેશ મોદી

૮. **માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરેલ શબ્દો, વાક્યોને પ્રિન્ટ મિડિયામાં પ્રસિદ્ધ ન કરવા સૂચના આપી અને પ્રસિદ્ધ કરનાર મિડિયા સામે વિશેષાધિકારભંગની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું.

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

૯. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

(૩) શ્રી પુંજાભાઇ વંશ

(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ

(૫) શ્રી અમિત ચાવડા

(૬) શ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ

(૭) શ્રી બલરામ થાવાણી

(૮) ડો.સી.જે.ચાવડા

(૯) શ્રીમતી માલતી મહેશ્વરી

(૧૦) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

(૧૧) શ્રી કીરીટભાઇ પટેલ

(૧૨) શ્રી સુરેશભાઇ પટેલ (વક્તવ્ય અધૂરું)

૧૦. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય પૂર્ણ થવા આવતાં વૈધાનિક પ્રસ્તાવ સિવાયના સરકારી પ્રસ્તાવ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવ્યો.

૧૧. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

શ્રી સુરેશભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી શૈલેષ પરમાર

(૧૪) શ્રી નૌશાદ સોલંકી

(૧૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા

(૧૬) શ્રી નરેશભાઇ પટેલ (વક્તવ્ય અધૂરું)

૧૨. **સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ પ્લેકાર્ડ બતાવીને પ્રદર્શન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને અટકાવીને આ પાકિસ્તાન નથી તેમ જણાવતાં શ્રી અમિત ચાવડા દ્વારા આ બાબતનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જેનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આપી રહ્યા હતા તે સમયે વિરોધપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવતાં સભાગૃહની બેઠક આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક સાંજના ૪.૩૬ વાગ્યે ૧૫ મિનિટ માટે મુલતવી રાખવાની જાહેરાત કરી.

મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪.૫૧ વાગ્યે ફરી મળી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

૧૩. **વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (ક્રમશઃ)**

શ્રી નરેશભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સભાગૃહ , સોમવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૮ વાગ્યે મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા સચિવાલય,<br>ગાંધીનગર.<br>તા.૧૦મી જાન્યુઆરી, ૨૦૨૦

ડી.એમ.પટેલ<br>સચિવ,<br>ગુજરાત વિધાનસભા.